# શું અમે ગ્રીનકાર્ડ સરેન્ડર કરીએ?

**તમે ફક્ત ગ્રીનકાર્ડ વાપરવાનું બંધ કરી દો અને એને સરેન્ડર કરવાની પ્રક્રિયા ન કરો તો ના ચાલે. તમને અમેરિકા પોતાના ગ્રીનકાર્ડ હોલ્ડર માનશે જ અને તમે અમેરિકાના કાયદાઓથી બંધાયેલા રહેશો. આથી ગ્રીનકાર્ડ સરેન્ડર કરવાની પ્રક્રિયામાંથી તો તમારે પસાર થવું જ પડશે**

**વિઝા મિત્ર**
★ સંગીતા જોશી

જયાબેન અને જયેશભાઈના દીકરા જીગ્નેશે એમના માટે ઈમીજીયેટ રિલેટિવ કેટેગરી હેઠળ પિટિશન ફાઈલ કર્યું હતું. એમને ગ્રીનકાર્ડ મળી ગયું હતું. ગ્રીનકાર્ડ કાયમ રાખવાની શરત મુજબ જયાબેન અને જયેશભાઈ નવ વર્ષથી વારંવાર અમેરિકાથી ભારત અને ભારતથી અમેરિકામાં ટ્રાવેલ કરીને થાકી ગયાં હતાં. શરૂશરૂમાં તેઓ રીએન્ટ્રી પરમિટ લઈને ભારત આવતાં અને દોઢ વર્ષ લગાતાર ભારતમાં રહેતાં પણ આવું વારંવાર કરવાથી એમનું ગ્રીનકાર્ડ જપ્ત થઈ જવાના ડરે એમણે છેલ્લાં ત્રણ વર્ષથી ફક્ત છ મહિના કરતાં ઓછો સમય ઈન્ડિયામાં રહીને અમેરિકામાં પાછા જવાનું શરૂ કર્યું હતું. આ બધાંના કારણે જયેશભાઈ, જેમનો ધંધો ઈન્ડિયામાં ધમધોકાર ચાલતો હતો એના પર પણ અસર પડતી હતી. એમણે અમેરિકામાં ભારે ટેક્સ પણ ભરવો પડતો હતો આથી તેઓએ હવે પોતાનું ગ્રીનકાર્ડ સરેન્ડર કરવાનું વિચાર્યું અને અમારી સલાહ લેવા આવ્યા. એમણે અમને નીચે મુજબના સવાલો પૂછ્યાઃ




**પ્રશ્નઃ- શું અમે ગ્રીનકાર્ડ સરેન્ડર કરીએ?**

**ઉત્તરઃ-** તમે જો કાયમ માટે અમેરિકામાં રહેવા ન માગતાં હો, તમારા ઈન્ડિયાના ધંધા પર એની ખરાબ અસર પડતી હોય, તમારે ઈન્ડિયાની આવક ઉપર અમેરિકામાં ભારે ટેક્સ ભરવો પડતો હોય, તમારું ગ્રીન કાર્ડ ફાયદેમંદને બદલે બોજારૂપ બની ગયું હોય તો, હા, તમારે ગ્રીનકાર્ડ સરેન્ડર કરી દેવું જોઈએ.

**પ્રશ્નઃ- ગ્રીનકાર્ડ સરેન્ડર કરવાથી શું અમે અમેરિકાનો ભારે ટેક્સ ભરવાથી બચી જઈશું?**

**ઉત્તરઃ-** અમેરિકાનું ગ્રીનકાર્ડ અમેરિકામાં તમને કાયમ રહેવા માટે આપવામાં આવે છે. ગ્રીનકાર્ડ હોલ્ડરોને અમેરિકામાં મળતી બધી સગવડો અને ફાયદા મળે છે પણ સાથે સાથે એમણે દુનિયામાં ક્યાંય પણ કમાણી થતી હોય પણ એમની સંપૂર્ણ આવક પર અમેરિકાના કાયદા અને રેટ મુજબ ટેક્સ ભરવો પડતો હોય છે. તમે આઠ વર્ષ કરતાં વધુ વર્ષોથી ગ્રીનકાર્ડ ધરાવો છો અને તમારું નેટવર્થ 20 લાખ ડોલર્સ કરતાં વધુ છે. તમારી એવરેજ ટેક્સ લાયાબિલિટી બે લાખ ૬ હજાર ડોલર્સ કરતાં વધુ છે. આથી તમારે ગ્રીનકાર્ડ સરેન્ડર કરતા પહેલાં તમારા ચાર્ટર્ડ અકાઉન્ટન્ટની પણ સલાહ લેવી જોઈએ કારણ કે તમારે એક્ઝિટ ટેક્સ ભરવો પડશે. જો તમારું નેટવર્થ અને ટેક્સ લાયાબિલીટી ઓછા હોત તો તમને એક્ઝિટ ટેક્સ ન લાગત પણ છતાં એક વાર ચાર્ટર્ડ અકાઉન્ટન્ટની સલાહ લઈ લેવી વ્યાજબી રહેશે.

પ્રશ્નઃ- ગ્રીનકાર્ડ સરેન્ડર કરવા માટે અમારે શું પ્રક્રિયા કરવી પડશે?

ઉત્તરઃ- તમે ફક્ત ગ્રીનકાર્ડ વાપરવાનું બંધ કરી દો અને એને સરેન્ડર કરવાની પ્રક્રિયા ન કરો તો ના ચાલે. તમને અમેરિકા પોતાના ગ્રીનકાર્ડ હોલ્ડર માનશે જ અને તમે અમેરિકાના કાયદાઓથી બંધાયેલા રહેશો. આથી ગ્રીનકાર્ડ સરેન્ડર કરવાની પ્રક્રિયામાંથી તો તમારે પસાર થવું જ પડશે. તમારે બંનેએ અલગ અલગ ફોર્મ I-407 યુએસસીઆઈએસની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરીને ભરવું પડશે. એમાં સહી કરવી પડશે. એના માટે કોઈ ફી નથી આ ફોર્મ તમારે ભારતની યુએસ કોન્સ્યુલેટમાં તમારા ગ્રીનકાર્ડની જોડે સબમિટ કરવું પડશે. યુએસસીઆઈએસ એક વખત એ એક્સેપ્ટ કરશે પછી તમારે, કારણ કે તમે આઠ કરતાં વધુ વર્ષોથી ગ્રીનકાર્ડ ધરાવો છો આથી IRS સાથે ફોર્મ 8854 પણ ભરવું પડશે. જો તમે નહીં ભરો તો તમને ટેક્સની પેનલ્ટી લાગી જશે. તમને I-407 પ્રોસેસ થયા બાદ 'એબેનડોન્ડ' સ્ટેમ્પ લાગેલી એક કોપી મળશે. જે તમારે જીવનભર સાચવવી પડશે. જે તમને ભવિષ્યમાં બીજા કોઈ પણ પ્રકારના વિઝા લેવા માટે કામ જ આવશે.

**પ્રશ્નઃ- ગ્રીનકાર્ડ સરેન્ડર કરીને અમારે ભારતમાં જ રહેવું છે તો અમારે એ માટે કયાં કારણો દર્શાવવાં પડશે?**

**ઉત્તરઃ-** તમારે ભારતમાં તમારી પ્રોપર્ટી, બિઝનેસ, તમારા કુટુંબીજનો સાથેના ગાઢ સંબંધો, તમારી જો મેડિકલ ટ્રીટમેન્ટ ચાલતી હોય તો એનાં સર્ટિફિકેટો, ભારતની બેંકના સ્ટેટમેન્ટો, તમારાં બીજાં બાળકો અને પૌત્રપૌત્રીઓના શાળાના રેકોર્ડ વગેરે બતાવીને તમારા ભારતમાં ગાઢ સંબંધો છે જે છોડીને તમે અમેરિકામાં કાયમ માટે રહેવા નથી માગતા એ દર્શાવવું પડશે. તમે ક્યારેય ગ્રીનકાર્ડના કાયદાનું ઉલ્લંઘન કર્યું નથી. તમે તમારા અમેરિકામાં રહેતાં બાળકો સાથે ફક્ત તહેવારો ઉજવવા માટે બે-ચાર મહિના પૂરતા જ રહેવા જવા માંગો છો. આ બધાં કારણો દર્શાવતાં તમારા ગ્રીનકાર્ડની સરેન્ડરની પ્રક્રિયા સરળ થઈ જશે.

બીજા અગત્યના સવાલો અને બીજા રસ્તાઓ વિશે આવતા અંકે.(ક્રમશઃ)

---

# એક્સિડન્ટ થતાં હોસ્પિટલ ગયા ને પાછળથી સ્થળ પર કાર સળગી, શું વીમાનું પૂરું વળતર મળે?

આ કેસ એક સામાન્ય માર્ગ અકસ્માતથી શરૂ થાય છે પરંતુ આગળ જઈને તે ઈન્શ્યોરન્સ ક્લેમ સંબંધિત કાયદાકીય હકો અને ઈન્શ્યોરન્સ પોલિસીની શરતોના અર્થઘટન અંગે મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઊભો કરે છે. ખાસ કરીને પ્રશ્ન એવો હતો કે ઇમર્જન્સી પરિસ્થિતિમાં વાહન અનઅટેન્ડેડ છોડી દેવામાં આવે તો ઈન્શ્યોરન્સ ક્લેમ નકારી શકાય કે નહીં ? આ પ્રશ્નનો વિગતવાર વિચાર સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયા દ્વારા કરવામાં આવ્યો અને ઇન્સ્યોર્ડ વ્યક્તિના હકોને સુરક્ષિત કરતી મહત્ત્વપૂર્ણ માર્ગદર્શિકા આપવામાં આવી.

**આ હતો કેસ-**

રાજેશ કુમાર વર્સિસ નેશનલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડના આ કેસમાં રાજેશ કુમાર નામની વ્યક્તિ અને નેશનલ ઈન્શ્યોરન્સ કંપની વચ્ચેનો વિવાદ હતો. રાજેશ કુમારે પોતાની કાર માટે ઈન્શ્યોરન્સ પોલિસી લીધી હતી. આ પોલિસીનો મુખ્ય હેતુ એ હતો કે જો કારને કોઈ અકસ્માતમાં નુકસાન થાય તો ઈન્શ્યોરન્સ કંપની તેની ભરપાઈ કરશે. એક દિવસ રાજેશ કુમાર પોતાની કાર ચલાવી રહ્યા હતા ત્યારે રસ્તા પર અચાનક એક ગાય આવી ગઈ. તેને બચાવવાના પ્રયાસમાં તેમણે કારનું સંતુલન ગુમાવ્યું અને કાર રસ્તાની બાજુમાં આવેલા ખાડામાં પડી ગઈ. આ અકસ્માતમાં રાજેશ કુમાર અને તેમની સાથે બેઠેલા મુસાફર બંનેને ઈજાઓ પહોંચી.

**ઇમર્જન્સી પરિસ્થિતિમાં લેવામાં આવેલ નિર્ણય**

આ પરિસ્થિતિમાં રાજેશ કુમાર માટે સૌથી મહત્ત્વપૂર્ણ બાબત પોતાના સહ-મુસાફરને હોસ્પિટલ પહોંચાડવાની હતી. તેથી તેમણે પોતાની કાર ત્યાં જ છોડી દીધી અને તરત જ સારવાર માટે હોસ્પિટલ તરફ ગયા. આ નિર્ણય સંપૂર્ણ રીતે માનવતાવાદી અને તાત્કાલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લેવાયો હતો.

**અકસ્માત પછી બીજી મુશ્કેલી ઊભી થઈ**

કાર ખાડામાં પડેલી હતી ત્યારે તેમાં શોર્ટ-સર્કિટ થઈ અને આગ લાગી ગઈ. આ આગના કારણે કારને ભારે નુકસાન થયું. રાજેશ કુમારે આ ઘટનાની જાણ તરત જ પોલીસને કરી. જો કે ઈન્શ્યોરન્સ કંપનીને માહિતી થોડા દિવસ પછી આપવામાં આવી. પછી તેમણે ઈન્શ્યોરન્સ ક્લેમ દાખલ કર્યો.

**ઈન્શ્યોરન્સ કંપની દ્વારા ક્લેમ રિજેક્ટ કરવાનો નિર્ણય**

ઈન્શ્યોરન્સ કંપનીએ ક્લેમ સ્વીકારવાને બદલે રિજેક્ટ કર્યો. કંપનીએ બે મુખ્ય કારણો આપ્યાંઃ એક ક્લેમ દાખલ કરવામાં વિલંબ થયો હતો અને બીજું રાજેશ કુમારે કાર અનઅટેન્ડેડ છોડી દીધી હતી. કંપનીનો મત એવો હતો કે કાર અનઅટેન્ડેડ રાખવાના કારણે નુકસાન વધુ વધ્યું. આથી કંપનીએ ક્લેમ નકારી દીધો.

**કન્ઝ્યુમર કમિશનમાં ગયો કેસ**

આ નિર્ણય સામે રાજેશ કુમારે કન્ઝ્યુમર કમિશનમાં ફરિયાદ દાખલ કરી. ડિસ્ટ્રિક્ટ કમિશને કેસની પરિસ્થિતિઓ ધ્યાનમાં લઈને જણાવ્યું કે રાજેશ કુમારે ક્લેમમાં થયેલો વિલંબ યોગ્ય કારણસર કર્યો હતો કારણ કે તેઓ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને હોસ્પિટલ લઈ જવા માટે ગયા હતા. કમિશને જણાવ્યું કે આવી પરિસ્થિતિમાં ઇન્સ્યોર્ડ વ્યક્તિ પાસેથી તરત ઈન્શ્યોરન્સ કંપનીને જાણ કરવાની અપેક્ષા રાખવી યોગ્ય નથી આથી કમિશને કંપનીને ક્લેમની 75% રકમ ચૂકવવાનો આદેશ આપ્યો.

**સુપ્રીમ કોર્ટે ખાસ નોંધ્યું કે કોઈ પણ વ્યક્તિ માટે માનવજીવન સૌથી મહત્ત્વપૂર્ણ છે. જ્યારે કોઈ વ્યક્તિ ઘાયલ હોય ત્યારે તેને હોસ્પિટલ પહોંચાડવું પ્રથમ ફરજ બને છે. આથી આવી પરિસ્થિતિમાં વ્હીકલ અનઅટેન્ડેડ રાખવું નેગ્લિજન્સ ગણાવી શકાય નહીં**

**કંપનીએ સ્ટેટ કમિશનમાં કરી અપીલ**

ડિસ્ટ્રિક્ટ કમિશનના નિર્ણય સામે અપીલ કરવામાં આવી. સ્ટેટ કમિશને કેસની વધુ વિગતવાર તપાસ કરી અને જણાવ્યું કે રાજેશ કુમારનો ક્લેમ સંપૂર્ણ રીતે યોગ્ય હતો. સ્ટેટ કમિશને ઈન્શ્યોરન્સ કંપનીને સંપૂર્ણ ક્લેમ ચૂકવવાનો આદેશ આપ્યો.

**હવે નેશનલ કમિશનમાં પહોંચ્યો કેસ**

પરંતુ ઈન્શ્યોરન્સ કંપની આ નિર્ણયથી સંતુષ્ટ નહોતી. તેમણે નેશનલ કમિશનમાં રિવિઝન પિટિશન દાખલ કરી. નેશનલ કમિશને સ્ટેટ કમિશનનો નિર્ણય બદલી નાખ્યો. તેમાં જણાવ્યું કે માત્ર અકસ્માતથી થયેલું નુકસાન ચૂકવવામાં આવશે પરંતુ આગથી થયેલું નુકસાન ચૂકવવામાં આવશે નહીં.

**અંતે સુપ્રીમ કોર્ટમાં ગયો કેસ**

આ નિર્ણય સામે રાજેશ કુમાર સુપ્રીમ કોર્ટમાં ગયા. સુપ્રીમ કોર્ટ સમક્ષ બે મહત્ત્વપૂર્ણ પ્રશ્નો હતા કે શું નેશનલ કમિશન પાસે સ્ટેટ કમિશનના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર હતો? શું ઈન્શ્યોરન્સ પોલિસીની શરતો અનુસાર ક્લેમ યોગ્ય હતો?

**રિવિઝનલ જ્યુરિસ્ડિક્શનનો પ્રશ્ન**

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે નેશનલ કમિશન પાસે રિવિઝનલ જ્યુરિસ્ડિક્શન છે પરંતુ તેનો ઉપયોગ માત્ર ત્યારે જ થઈ શકે જ્યારે લોઅર ફોરમના નિર્ણયમાં કોઈ ગંભીર કાયદાકીય ભૂલ હોય. આ કેસમાં ડિસ્ટ્રિક્ટ કમિશન અને સ્ટેટ કમિશન બંનેએ યોગ્ય રીતે તથ્યોના આધારે નિર્ણય આપ્યો હતો. આથી નેશનલ કમિશન દ્વારા કરવામાં આવેલ હસ્તક્ષેપ યોગ્ય નહોતો.

**અનઅટેન્ડેડ વ્હીકલ ક્લોઝનું અર્થઘટન**

ઈન્શ્યોરન્સ કંપનીએ પોલિસીની એક શરતનો ઉલ્લેખ કર્યો હતો કે વાહન અનઅટેન્ડેડ રાખવું નહીં પરંતુ સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે આ શરતનું પ્રેક્ટિકલ ઇન્ટરપ્રિટેશન કરવું જોઈએ. કોર્ટે નોંધ્યું કે રાજેશ કુમારે ઇમર્જન્સી પરિસ્થિતિમાં માનવજીવન બચાવવા માટે કાર ત્યાં છોડી હતી. આથી આ પરિસ્થિતિમાં અનઅટેન્ડેડ વ્હીકલ ક્લોઝ લાગુ કરવું યોગ્ય નથી.

**માનવજીવનનું મહત્ત્વ**

સુપ્રીમ કોર્ટે ખાસ નોંધ્યું કે કોઈ પણ વ્યક્તિ માટે માનવજીવન સૌથી મહત્ત્વપૂર્ણ છે. જ્યારે કોઈ વ્યક્તિ ઘાયલ હોય ત્યારે તેને હોસ્પિટલ પહોંચાડવી પ્રથમ ફરજ બને છે. આથી આવી પરિસ્થિતિમાં વ્હીકલ અનઅટેન્ડેડ રાખવું નેગ્લિજન્સ ગણાવી શકાય નહીં.

**ક્લેમમાં વિલંબ અંગે કોર્ટનો અભિગમ**

ઈન્શ્યોરન્સ કંપનીએ ક્લેમમાં થયેલા વિલંબનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો પરંતુ




સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે ડિલે યોગ્ય કારણસર થયો હતો. આથી માત્ર ડિલેના આધારે ક્લેમ રિજેક્ટ કરવો યોગ્ય નથી.

**સુપ્રીમ કોર્ટનો અંતિમ નિર્ણય**

સુપ્રીમ કોર્ટે અંતે નેશનલ કમિશનનો નિર્ણય રદ કર્યો અને સ્ટેટ કમિશનનો નિર્ણય ફરીથી લાગુ કર્યો. કોર્ટે ઈન્શ્યોરન્સ કંપનીને રાજેશ કુમારને સંપૂર્ણ ઈન્શ્યોરન્સ ક્લેમ વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ આપ્યો.

**કેસમાંથી પ્રસ્થાપિત થતાં મહત્ત્વપૂર્ણ કાયદાકીય સિદ્ધાંત**

આ કેસમાંથી કેટલાક મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો સ્થાપિત થાય છેઃ * ઇમર્જન્સી પરિસ્થિતિમાં વ્હીકલ અનઅટેન્ડેડ રાખવું નેગ્લિજન્સ નથી. * ઈન્શ્યોરન્સ પોલિસીની શરતોનું પ્રેક્ટિકલ ઇન્ટરપ્રિટેશન કરવું જોઈએ. * રિવિઝનલ જ્યુરિસ્ડિક્શનનો ઉપયોગ મર્યાદિત હોય છે. * માત્ર ડિલેના આધારે ક્લેમ રિજેક્ટ કરવો યોગ્ય નથી. * માનવજીવનનું મહત્ત્વ પોલિસી કન્ડિશન્સ કરતાં વધારે છે.

**કેસનું વ્યાપક મહત્ત્વ**

આ કેસ મોટર ઈન્શ્યોરન્સ ક્લેમ સંબંધિત વિવાદોમાં ખૂબ મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન આપે છે. ઘણી વાર ઈન્શ્યોરન્સ કંપનીઓ ટેક્નિકલ ગ્રાઉન્ડ્સના આધારે ક્લેમ રિજેક્ટ કરતી હોય છે પરંતુ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે પોલિસી કન્ડિશન્સનું ઇન્ટરપ્રિટેશન પ્રેક્ટિકલ રીતે કરવું જોઈએ. જો ઇન્સ્યોર્ડ વ્યક્તિએ યોગ્ય અને જવાબદાર વર્તન કર્યું હોય તો તેને ક્લેમથી વંચિત રાખવું યોગ્ય નથી.આ રીતે આ કેસ ઇન્સ્યોર્ડ વ્યક્તિઓના હકોને મજબૂત બનાવે છે અને ઈન્શ્યોરન્સ ક્લેમ સંબંધિત વિવાદોમાં હ્યુમેનિટેરિયન એપ્રોચના મહત્ત્વને સ્પષ્ટ કરે છે.

**કેન્ડલ લાઈટ**

**પાડશે ચૌદે ભુવન પડઘા અમારા શબ્દના!**
**'શૂન્ય' એ તાકાત વાણીમાં ભરી, ચાલ્યા જશું!**
**– 'શૂન્ય' પાલનપુરી**